# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

www.aau.in www.sdau.edu.in www.nau.in www.jau.in

## ધોરણ-૧૦ પછીના રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પોલીટેકનીકમાં ચાલતા ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો ઓનલાઇન કેન્દ્રીય પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫

ગુજરાત રાજ્યની આણંદ, જૂનાગઢ, નવસારી તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં પોલીટેકનીકમાં ચાલતા ડિપ્લોમા કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ધોરણ-૧૦માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે વર્ષ **૨૦૨૪-૨૫** દરમ્યાન પ્રથમ વર્ષ ડિપ્લોમામાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન પ્રવેશ અરજીપત્રક <u>તા.૧૬/૦૫/૨૦૨૪થી તા. ૧૩/૦૬/૨૦૨૪</u> સુધી વેબસાઇટ **poly.gsauca.in** માં ઓનલાઇન અરજી ફી રૂા. ૨૦૦/- સાથે ભરી શકાશે તેમજ પ્રવેશ પ્રક્રિયા પણ ઓનલાઇન થશે.

પ્રવેશ અંગેની સંપૂર્ણ વિગતવાર માહિતી **gsauca.in, poly.gsauca.in, www.aau.in, www.sdau.edu.in, www.nau.in** **અને** **www.jau.in** ઉપરથી મેળવી શકાશે. સદર તારીખોમાં ફેરફારને અવકાશ હોઇ રોજ બરોજની છેલ્લી માહિતી ઉપરોક્ત વેબસાઇટ ઉપરથી મેળવી લેવાની રહેશે. જેની વિદ્યાર્થીઓએ / વાલીઓએ નોંધ લેવા વિનંતી.

| પોલીટેકનીકમાં ચાલતાં ડિપ્લોમા અભ્યાસક્રમો | | | |
|---|---|---|---|
| ૧ | કૃષિ ડિપ્લોમા | ૪ | બાગાયત ડિપ્લોમા |
| ૨ | કૃષિ ઇજનેરી ડિપ્લોમા | ૫ | એગ્રો પ્રોસેસીંગ ડિપ્લોમા |
| ૩ | ફુડ ટેકનોલોજી એન્ડ ન્યુટ્રીશન ડિપ્લોમા | ૬ | ન્યુટ્રીશન એન્ડ કૉમ્યુનિટી સાયન્સ ડિપ્લોમા |

**અગત્યની સૂચના :**

(૧) ડિપ્લોમા અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા ઓનલાઇન **gsauca.in, poly.gsauca.in, www.aau.in, www.sdau.edu.in, www.nau.in અને www.jau.in** વેબસાઇટ ઉપરથી જોઇ / ડાઉનલોડ કરી શકાશે. *<u>અરજી ફોર્મ ભરતા પહેલા ઉમેદવારે ઓનલાઇન માહિતિ પુસ્તિકાનો પુરેપુરો અભ્યાસ કરી ફોર્મ ભરવાનું રહેશે.</u>*

(૨) ઉમેદવારોએ ઓનલાઇન ફોર્મ ભરવા માટે જરૂરી ડોક્યુમેન્ટસ / ફોટોગ્રાફ/સહી વગરે વ્યવસ્થિત વાંચી શકાય તે રીતે સ્કેન કરી પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

(૩) ૭/૧૨નો અને ૮-અ નો જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૦૧-૦૪-૨૦૨૪ અથવા ત્યાર પછીનો દાખલો રજુ કરવાનો રહેશે. જો જમીનધારક અને ઉમેદવાર વચ્ચે સંબંધ પ્રસ્થાપિત થતો ન હોય તો પેઢીનામુ અથવા તે બંન્ને વચ્ચે સબંધ દર્શાવતું તલાટી કમ મંત્રી / મામલતદાર દવારા જારી કરેલ પેઢીનામું/દાખલો રજુ કરવાનો રહેશે. તેમજ ધોરણ-૧૦ ની માર્કશીટમાં દર્શાવેલ અટક અને ૭-૧૨, ૮-અ મા દર્શાવેલ અટકમાં ફેરફાર હોય તો તે અંગેનુ સોગંદનામુ રજુ કરવાનુ રહેશે.

(૪) દિવ્યાંગજન ઉમેદવારોએ દિવ્યાંગતા અંગેનું સરકારી હોસ્પિટલના સક્ષમ અધિકારી / સિવિલ સર્જન અથવા સુપ્રિન્ટેન્ડેન્ટનું પ્રમાણપત્ર પણ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે અપલોડ કરવાનુ રહેશે.

(૫) ઉમેદવાર મોકરાઉન્ડ પછી એક જ વાર ચોઇસ ફીલીંગ બદલી શકશે.

(૬) ઉમેદવારે ઓનલાઇન પ્રવેશ મેળવ્યા બાદ ઓનલાઇન ફી ભરવાની રહેશે. પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ રદ કરવામાં આવે તો ફી પરત મળવા પાત્ર નથી.

(૭) ઉમેદવારને ઓનલાઇન પ્રવેશ મળ્યા બાદ ઉમેદવાર આગળના રાઉન્ડમાં ભાગ લેવા ઇચ્છતા હોય તો માત્ર ઓનલાઇન ફી જ ભરવાની રહેશે. ઉમેદવારે કોલેજ ખાતે હાજર થવાનું રહેતું નથી. પ્રથમ ચોઇસની કોલેજમાં પ્રવેશ મળતા વિદ્યાર્થીએ કોલેજ ખાતે ફરજીયાત હાજર થવાનું રહેશે.

તા.૧૬/૦૫/૨૦૨૪

**Sd/-**
**કુલપતિ અને નોડલ અધિકારીશ્રી (ડિપ્લોમા અભ્યાસક્રમો)**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**